ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શહેરમાં ગરમી પ્રકોપથી નાગરિકો હીટસ્ટ્રોકના સકંજામાં

## સિવિલ હોસ્પિટલ અને ખાનગી દવાખાનામાં હીટ સ્ટ્રોકની સારવાર લેતા દર્દીઓ : આજે પણ લૂ લાગવાના ૫ કિસ્સાઓ ધ્યાને આવ્યા

ગાંધીનગર, તા. ૪

ચૈત્ર આકાશે ચઢતા આકાશમાંથી વરસતી અગનજ્વાળે સૌ-કોઈને બેચેન કરી દીધા છે. ઉનાળો ઉગ્ર બનતા ગરમીના પારાએ દોટ લગાવી છે. રાજ્યમાં મૌસમની સૌથી વધુ ગરમી ગાંધીનગરાઓએ અનુભવી લીધી છે. શહેરીજનો આકરી ગરમીમાં શેકાઈ રહ્યા છે. આજે પણ તાપમાનનો પારો ૪૨.૫ ડીગ્રીએ સ્થિર રહેતા ગરમીનો મિજાજ જરા પણ નરમ પડ્યો ન હોવાથી નગરજનો બળબળતા ઉનાળાથી બેબાકળા બની ગયા છે. આક્રમક ગરમીના લીધે શહેરમાં આજે પણ ૫ થી વધુ હીટસ્ટ્રોકના બનાવો ધ્યાનમાં આવી રહ્યા છે.

રાજ્યમાં કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળતા ઉનાળાના દિવસો વિતાવવાનું કામ નાગરિકો માટે મુશ્કેલ બન્યું છે. આક્રમક ગરમીની અસરથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. દિવસના આકરા તાપ વચ્ચે ફૂંકાતી ગરમ લૂં ના લીધે શહેરીજનો ત્રાહિમામ પોકારી ગયા છે. કર્મચારીગણ ઉપરાંત વેપારીઓ પણ ગરમીની અસરથી ત્રસ્ત બન્યા છે. આવા સંજોગોમાં ગરમીથી બચવા નાગરિકો બને ત્યાં સુધી ઘરની બહાર નિકળવાનું ટાળે છે. બપોરના ૧૨ થી ૫ કલાક દરમિયાન શહેરના માર્ગો પર ટ્રાફિકની અવરજવરમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. ગરમીએ હદ વટાવતા શ્રમિકોની હાલત અત્યંત દયનીય બની છે. અલબત્ત ગરમીથી બચવા પક્ષીઓ પણ વૃક્ષોની બખોલમાં ભરાયેલા જોવા મળે છે.

સમગ્ર શહેરને આકરી ગરમીએ બાનમાં લેતા નગરજનો હીટ સ્ટ્રોકનો શિકાર બની રહ્યા છે. શહેરની સિવિલ હોસ્પિટલ ઉપરાંત ખાનગી દવાખાનાઓમાં પણ લૂ ના દર્દીઓ વધી રહ્યા છે. શહેરમાં રોજ ૬ થી વધુ વ્યક્તિ હીટ સ્ટ્રોકનો ભોગ બનતા હોવાનું ધ્યાને આવ્યું છે. જ્યારે ગઈકાલે જિલ્લામાં કાળઝાળ ગરમીએ એક વ્યક્તિનો ભોગ લીધો હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. સરકારી ઓફિસોમાં ગરમીની અસર વર્તાય છે. બપોરના સમયે ટેબલ-ખુરશીઓ ખાલી જોવા મળે છે. શહેરીજનો ગરમીની અસરથી બચવા ઘરેલુ ઉપાયો કરી રહ્યા છે. ગરમીનો પ્રકોપ હળવો ન થતા હીટ સ્ટ્રોકના કીસ્સાઓ પણ ચિંતાનું કારણ બન્યા છે.

## પશુપાલકો પાઘડી અને મોજડીમાં આકડાના પાન મુકી દે છે !!!

આકરી ગરમીના લીધે સૌ કોઈ બેબાકળા બન્યા છે ત્યારે ખેડૂતો અને પશુપાલકોની હાલત પણ ગરમીના લીધે વધુ કફોડી બને છે. ગરમીની અસરથી બચવા પશુપાલકો અનોખો ઘરેલુ ઉપચાર કરે છે. ગ્રામ્ય વિસ્તારમાં આકરા તાપમાં ફરતા ખેડૂતો લૂં અને સનસ્ટ્રોકથી બચવા પોતાની પાઘડી અને મોજડીમાં આંકડાના પાન મુકી દે છે. આંકડાના પાનથી ઠંડક રહેતી હોવાથી ગરમીની અસરથી બચી શકાય છે. આંકડાના પાનથી પગના તળિયે અને માથામાં ઠંડક જળવાતા લૂ લાગવાની શક્યતા ઘટી જાય છે.



મહિલા સુરક્ષા - ટેક્ષાગ અને ગાંધીનગર નાગરિક બેંકના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર ખાતે શનિવારની સાંજે મહિલાઓ સલામતી માટે જનજાગૃતિ અર્થે કેન્ડલ લાઈટ કાર્યક્રમ યોજાયો હતો. દિનપ્રતિદિન વધતા જતા દુષ્કર્મોના બનાવો સામે સામાજિક જાગૃતિના હેતુસર નગરના ઘ-૪ સર્કલ પર કેન્ડલ લાઈટ યોજી નગરજનોનું ધ્યાન આકર્ષિત કર્યુ હતું. જેમાં નાગરિક બેંક પરિવાર સહિત નગરજનો જોડાયા હતા. (તસવીર : દિપક જાની)

## પાણીના મુદ્દે કોંગ્રેસ કલેક્ટરને સોમવારે રેલી સાથે આવેદન-પત્ર આપશે

ગાંધીનગર, તા. ૪

રાજ્યમાં પીવાના પાણીની ઘેરી બનતી જતી સમસ્યા સામે શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ૬ઠ્ઠી મે ને સોમવારના રોજ દેખાવો-ધરણા અને આવેદન-પત્ર આપવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી મુકેશ પટેલે આજે એક નિવેદનમાં જણાવ્યું છે કે ગરમીના પ્રકોપની સાથે સાથે રાજ્યમાં પીવાના પાણીની સમસ્યા ગંભીર બની રહી છે પણ સરકાર હજુ તેની ઉદાસીનતા ત્યજતી નથી. રાજ્યના ૧૦ જિલ્લા અને ૭૦ તાલુકામાં આ સમસ્યા વિકરાળ બની ઉભરી છે. ત્યારે પ્રજાના પ્રશ્નોને વાચા આપવા માટે શહેર સમિતિ દ્વારા સોમવારે સવારે ૧૦ વાગે ઘ-૩ સર્કલ નજીક દેખાવો-ધરણા અને આવેદન-પત્ર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્યના ૭ હજાર ગામોમાં પીવાના પાણીની સમસ્યા તેમજ અબોલ પશુધન માટે ઘાસચારાની વ્યવસ્થા કરવામાં સરકાર નિષ્ફળ નિવડી હોવાનો આક્ષેપ પણ શ્રી પટેલે કર્યો છે. તેમણે સરકારની નિષ્ફળતાઓની આકરી ટીકા કરી દિલ્હી નહિ ગુજરાતના કલ્યાણની વાત મુખ્યમંત્રી કરે તેવી માંગ કરી છે.

# એલ.સી.બી.ના કોન્સ્ટેબલનો પંખે લટકી જઈ આપઘાત

## છેલ્લા ૧૦ દિવસથી રજાઓ પર ઉતરી ગયેલા હતા : આપઘાતનું કારણ અકબંધ : સે.૨૨માં પોતાના ઘરે પંખે નાયલોન દોરી બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો : પરિવાર અને પોલીસ તંત્રમાં શોકનો માહોલ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર એલ.સી.બી. ખાતે ફરજ બજાવતા અને શહેરના સેક્ટર-૨૨માં રહેતા પોલીસ કોન્સ્ટેબલ બલભદ્રસિંહ વાઘેલાએ વગેલી પરોઢના અરસામાં પોતાના ઘરે જ પંખે નાયલોન દોરી બાંધ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. છેલ્લા ૧૦ દિવસથી ઓફીસેથી પણ રજાઓ પર ઉતરી ગયા હતા અને ચાર દિવસ બાદ તેમના નાના ભાઈના લગ્ગ નિયત કરેલા હતા. કયા કારણોસર તેમણે આ અંતિમ પગલું ભર્યું તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. તેમના પિતા પણ એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવે છે. સે.૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. માટે મોકલી સઘન તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, પોલીસ કોન્સ્ટેબલના પરિવારજનો સહિત પોલીસ તંત્ર પણ આઘાતમાં સરી પડ્યું છે.

શહેરના સેક્ટર-૨૨, 'જ' ટાઈપ બ્લોક નં. ૬૭/૧૦ ખાતે રહેતા અને ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલ.સી.બી.)માં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ૩૨ વર્ષીય બલભદ્રસિંહ વજેસિંહ વાઘેલા ગઈકાલે નાનાભાઈને ત્યાં કથામાં હાજરી આપીને બે સંતાનો સાથે ખરીદી કરીને ઘરે પરત ફર્યા હતા. ૧૦ દિવસથી ઓફીસે બલભદ્રસિંહ રજા પર હતા. ઘરે આવીને ટી.વી. જોયા બાદ સૂઈ ગયા હતા. પરિવારજનો સવારે સવા છ વાગ્યે ઉઠ્યા અને બલભદ્રસિંહના રૂમ તરફ નજર નાંખી તો પગ તળેથી જમીન સરકી ગઈ હતી. રાત્રીના સમયથી વહેલી પરોઢના સમયગાળા દરમિયાન પંખા નીચે ખુરશી મુકીને બલભદ્રસિંહ વાઘેલાએ પંખે નાયલોન દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. આ અંગે પોલીસને જાણ થતાં સે.૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પી.એસ.આઈ. પી. જે. સોલંકીએ તપાસ શરૂ કરી છે. જોકે બલભદ્રસિંહે કયા કારણે આપઘાત કરી લીધો તે બાબત હજુ સુધી બહાર આવી શકી નથી. આ ઘટનાથી પરિવારજનો સહિત જિલ્લા પોલીસમાં શોકની કાલીમા છવાઈ ગઈ છે.

### ચાર દિવસ પછી નાનાભાઈના લગ્ન હતા...!

બલભદ્રસિંહના નાનાભાઈના લગ્ન ૮મી મેના રોજ નિર્ધારવામાં આવ્યા હતા. તે અનુસંધાને ગઈકાલે નાનાભાઈના ત્યાં કથાનું આયોજન થયું હોવાથી ત્યાં હાજરી આપવા પણ તેઓ ગયા હતા. પ્રસંગના પૂર્વે જ ઘરના એક મોભ સમા જુવાનજોધ પુત્રના મૃત્યુથી પિતા સહિત પરિવારજનો તથા કુટુંબીજનો હેબતાઈ ગયા છે અને શોકમગ્ન બની ગયા છે.

### સંતાનો સાથે ગઈકાલે જ ખરીદી કરવા ગયા ને મોડીરાત સુધી ટી.વી. જોયું !

ગઈકાલે બલભદ્રસિંહ તેમના બે સંતાનો સહિત પરિવાર સાથે કથાએ હાજરી આપીને નિકળ્યા બાદ બંને સંતાનોને લઈને ખરીદી કરાવવા લઈ ગયા હતા. જેટલો વધુ સમય સંતાનો સાથે નીકળી શકે તેટલો પ્રયત્ન કરવા તેમણે મોડીરાત સુધી ટી.વી. પણ જોયું હતું. સંતાનો સુઈ ગયા અને વહેલી સવારે ઉઠ્યા તે સમયગાળા દરમિયાન બલભદ્રસિંહ અંતિમ પગલું ભરી લીધું હતું.

# પેટા ચૂંટણી માટે કલેક્ટર-ડીએસપી સાથે બેઠક

## રાજ્યના પાંચ જિલ્લામાં વિધાનસભાની ચાર અને લોકસભાની બેઠકો માટે ૨જી જૂને યોજાનાર પેટાચૂંટણીની તૈયારી માટે મુખ્ય ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે યોજાયેલી મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર ખાતે મુખ્ય ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં પાંચ જિલ્લાના જિલ્લા કલેક્ટરો અને પોલીસ અધિક્ષકો સાથે પેટા ચૂંટણીઓની તૈયારીઓ અંગે ચર્ચા કરીને કેટલીક સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ચૂંટણી પંચ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતની ખાલી પડેલી લોકસભાની બે બેઠકો અને વિધાનસભાની ચાર બેઠકોની પેટા ચૂંટણીઓ ચૂંટણી પંચ દ્વારા ગઈકાલે જાહેર કરવામાં આવી છે. આ પેટા ચૂંટણીઓ ન્યાયીક વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણીઓની તૈયારી માટેની કરાયેલી કામગીરીની સમીક્ષા માટે પાંચ જિલ્લાના જિલ્લાતંત્ર સાથે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીએ બેઠક યોજી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે મળેલી બેઠકમાં બનાસકાંઠા, પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર અને પંચમહાલ જિલ્લાના જિલ્લા કલેક્ટરો અને પોલીસ અધિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. પેટા ચૂંટણીઓ માટે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને સંગીન બનાવવા સંવેદનશીલ અતિ સંવેદનશીલ મતદાન મથકો કેટલા છે એ અંગેની વિગતો જિલ્લા તંત્ર પાસેથી મેળવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત ચૂંટણી હેઠળના મતવિસ્તારોમાં મતદારયાદીની ચકાસણી કરીને આખરી કરવા માટે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત ૬ બેઠકો પર ચૂંટણી આચારસંહિતાનો કડકપણે અમલ કરાવવા માટે પણ જિલ્લાતંત્રને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પેટા ચૂંટણીઓ જાહેર થતાં આ પાંચ જિલ્લાઓમાં ચૂંટણી પંચ દ્વારા આગામી ટૂંક સમયમાં ઓબ્ઝર્વરો નિમવામાં આવશે. આ વખતે પણ ત્રણ પ્રકારના ઓબ્ઝર્વરો નિમવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

# ઈશતર કેસ મામલે પીપી પાંડેની ઓફિસમાં સર્ચ કામગીરી

## પીએની પુછપરછ હાથ ધરવામાં આવી : સીબીઆઈની ટુકડી દ્વારા લેપટોપ અને અન્ય દસ્તાવેજો કબજે કર્યા : પાંડેની ધરપકડનો લઈને અફવા બજાર ગરમ

અમદાવાદ, તા. ૪

ઈશરત જહાં કેસમાં એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ પીપી પાંડેની ધરપકડના ભણકારા વાગી રહ્યા છે ત્યારે સીબીઆઈએ આજે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ. પીપી પાંડેની ઓફિસમાં આ સર્ચ કામગીરી હાથ ધરવામાં આવી હતી. તેમા પીએની પણ પુછપરછ કરવામાં આવી છે. લેપટોપ અને અન્ય દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હોવાના અહેવાલ મળ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાંડે ૨૨મી એપ્રિલથી લાપતા છે અને તેમની ભાળ મળી રહી નથી. ગુરુવારની રાત્રે એવી અફવા ચાલી હતી કે પીપી પાંડેની ધરપકડ કરી લેવામાં આવી છે.

સીબીઆઈ કોર્ટે ધરપકડ વોરન્ટ જારી કર્યાના કલાકો બાદ જ તેમની ધરપકડ કરાઈ હોવાની અફવા વહેતી થઈ હતી. સીબીઆઈની ટીમ ગુપ્તરીતે આગળ વધી રહી છે. પાંડેની ચળવળ ઉપર ૨૩મી એપ્રિલથી બાજ નજર રાખવામાં આવી રહી છે. આરોગ્યના મુદ્દા પર ડ્યુટીથી રજા માટે અરજી કર્યા બાદથી પાંડેની અવરજવર પર નજર રાખવામાં આવી રહી હતી. ત્યારબાદથી જ પાંડેની ભાળ મળી રહી નથી. ધરપકડના આદેશો જોવા છતાં વધારે વિગત મળી રહી નથી. ઉત્તર પ્રદેશમાં કોઈ જગ્યાએ પાંડે હોઈ શકે છે તેવા પણ સંકેત મળી રહ્યા છે. એવી પણ ચર્ચા ચાલી રહી છે કે તેમની ધરપકડ થઈ ચુકી છે અને અમદાવાદ લાવવામાં આવશે જો કે કોઈ પણ બાબતોને સમર્થન મળી રહ્યુ નથી. ઈશરત જાહાં કેસમાં ઘણા પોલીસ અધિકારીઓ સામે સકંજો મજબુત બની ચુક્યો છે. બીજીબાજુ પાંડેને લઈને પોલીસ અધિકારીઓમાં પણ ભારે ચર્ચા જોવા મળી રહી છે.



જીવન વિકાસના દરવાજે ઊભેલા ગાંધીનગરના તરૂણ... દિવ્ય અશ્વિનકુમાર ત્રિવેદીએ તાજેતરમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હાર્દિક અભિનંદન મેળવ્યા છે. માર્ચ-૨૦૧૩માં ધો.૧૨ કોમર્સની પરીક્ષા પૂર્વે સગા-વ્હાલાઓ તરફથી બેસ્ટ-ઓફ-લકની સાથે દિવ્ય ત્રિવેદીને ૨૧૦૦૦ રોકડ રકમ શુભેચ્છા સ્વરૂપે મળી હતી જેને તેણે મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિમાં જમા કરાવી ઉમદા ભાવનાનો પરિચય કરાવ્યો છે. તેની આ શુભ સંસ્કારિતાને સૌએ અભિનંદિત કરી છે....

# માણસા નજીક આંદીમાનો વડલા ખાતે સર્વજ્ઞાતિ સમુહલગ્નમાં બાવન દંપતીઓ લગ્નગ્રંથીથી જોડાશે

## શ્રી વિઘ્નેશ્વરી પરીવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત સર્વજ્ઞાતિ સમુહલગ્ન સમાજ માટે પથદર્શક બની રહેશે

ગાંધીનગર, તા. ૪

આજના સમયમાં જાતિ-જ્ઞાતિના બંધનો સમાજમાં સડો પેદા કરે છે. જાતિ-જ્ઞાતિના બંધનોથી ઉપર ઉઠી સમગ્ર સમાજના ઉદ્ધાર માટે વિચારી શકે તેવા મહાનુભાવોની અછત વચ્ચે માણસા નજીક આનંદીમાનો વડલો વાનપ્રસ્થાશ્રમ ખાતે થઈ રહેલું કાર્ય સમાજ માટે ખરેખર પથદર્શક બની રહેશે.

આવતા રવિવારે અહીં યોજાનાર સમુહલગ્નોત્સવમાં જ્ઞાતિ, જાતિ, ધર્મ અને ઉંચ-નીચના ભેદભાવો ભુલાવી બાવન (૫૨) દંપતીઓ પ્રભૂતામાં પગલાં પાડશે. આ સર્વજ્ઞાતિય સમુહલગ્નોત્સવમાં ત્રણ મુસ્લિમ દંપતીઓ સહિત તમામ જ્ઞાતિના યુગલો લગ્નગ્રંથીથી જોડાશે. માણસા-મકાખાડ રોડ પર સ્થિત આંદીમાનો વડલો (વાનપ્રસ્થાશ્રમ) ખાતે યોજાઈ રહેલો આ અદ્ભુત કાર્યક્રમ સમાજને નવો રાહ ચીંધી રહ્યો છે. આ લગ્નોત્સવ જેના સહયોગથી યોજાઈ રહ્યો છે તે શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના માનદ્ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ વ્યાસ કહે છે કે 'સર્વજ્ઞાતિય સમુહલગ્નના આયોજનનો વિચાર આમ તો એક વર્ષ પહેલાં મારા પુત્ર ડૉ. ધ્રુપદ અને પુત્રી ડૉ. મનાલીના લગ્ન પહેલા આવ્યો હતો. બંને દિકરા-દીકરીનો પ્રસંગ સર્વ જ્ઞાતિય સમુહલગ્નનું આયોજન કરીને કરવો તેવી મનમાં ભાવના હતી પરંતુ પારીવારિક સંજોગોના કારણે તે શક્ય ન બન્યું. પરંતુ થોડાક દિવસ પહેલા સંસ્થામાં એક દાદા અને બા આવ્યા. તેઓ મને જ મળવા માંગતા હતા. તેઓએ કહ્યું કે અમારી દીકરીના લગ્ન છે. મદદની અપેક્ષાએ બાજુના ગામમાં ગયા હતા ત્યારે એક સદગૃહસ્થે આનંદીમાના વડલે જઈને મળવાનું કહેતા અમે અહીં આવ્યા છીએ. બસ તે ઘટના પછી પુનઃ સર્વજ્ઞાતિય સમુહલગ્નનો વિચાર આવ્યો. અહીંથી જ આ સુંદર કાર્યનું બીજ રોપાયું.'

સર્વજ્ઞાતિય સમુહલગ્નની જરૂરીયાત અંગે તેઓ પોતાના પ્રતિભાવ આપતા કહે છે કે સર્વ જ્ઞાતિય સમુહલગ્નના મહાયજ્ઞથી આર્થિક સંકડામણમાં પીસાતો વર્ગ આજની કારમી મોંઘવારીમાં દેખાદેખી, ખોટા દંભ અને દેખાડાના ખર્ચથી બચે અને આ જ ધનનો યોગ્ય માર્ગે સદ્ઉપયોગ કરે તેવો નમ્ર પ્રયાસ આ સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યો છે. દાતાઓના સહયોગથી આ મહાન કાર્ય સંપન્ન થવા જઈ રહ્યું છે.' આનંદીમાના વડલા ખાતે આગામી તા. ૧૨મી મે ના રોજ આ સર્વજ્ઞાતિય સમુહલગ્ન યોજાશે. આ શુભ કાર્યને પાર પાડવા માટે રિદ્રોલના શોભનાબેન પટેલ, પૂર્વ ધારાસભ્ય અને ટ્રસ્ટના ટ્રસ્ટી કમાભાઈ રાઠોડ અને રત્નમણી મેટલ્સ એન્ડ ટ્યુબ્સના પ્રકાશભાઈ સંઘવી તથા જયંતિભાઈ સંઘવી તથા અન્ય દાતાઓનો સહયોગ મળ્યો છે. આ અવસરે જામનગર આણદાબા સેવા સંસ્થાના પ.પૂ. શ્રી દેવપ્રસાદ મહારાજ વેંદાત આચાર્ય આશીર્વચન પાઠવશે અને મુખ્ય મહેમાન તરીકે મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા ખાસ ઉપસ્થિત રહેશે. આ અવસરે નવદંપતીઓને આશીર્વચન પાઠવવા ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.










C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ








Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com